**એ.સી.બી. કેસ નં. ૧/૨૦૨૦ નાં કામે આંક–૫ નીચે હુકમ**

**૧.** હાલની આ અરજી એમ.એમ. સરવૈયા, પી.આઈ.શ્રી એ.સી.બી. પો.સ્ટે., રાજકોટ શહેર દ્વારા રજૂ કરી આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ ફોન નંગ–૨ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે પૃથ્થકરણ કરવા અર્થે મોકલવા પરત મળવા અંગે કરેલ છે. અરજીમાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, આ કામે સાહેદ હરદીપભાઈ વી. બારડ પાસેથી તા. ૨૨/૧૧/૨૦૧૯ ના રોજ વીવો કંપનીનો વી.–૧૭ પ્રો. મોડેલનો મોબાઈલ ફોન કબજે કરવામાં આવેલ છે. આ ફોનના આઈ.એમ.ઈ.આઈ. નંબરની સંપૂર્ણ સી.ડી.આર. આજ દિન સુધી મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર પાસેથી મળેલ નથી. તેમજ આ કામે આરોપી નં.૧ ચંદ્રવિજયસિંહ હરદેવસિંહ ઝાલા પાસેથી તા. ૨૧/૧૧/૨૦૧૯ ના રોજ સેમસંગ ગેલેક્ષી નોટ–૧૦ મોબાઈલ કબજે કરવામાં આવેલ આ ફોન રાજકોટ એફ.એસ.એલ. પૃથ્થકરણ અર્થે મોકલેલ તેમજ મેમરી કાર્ડસ પણ મોકલાવેલ પરંતુ આ ફોનમાંથી વોટસએપ ચેટ રીટ્રાઈવ થઈ શકેલ ન હોઈ, જેથી આ બંને ફોન વિશેષ પુરાવા મેળવવા માટે એફ.એલ.એલ. ગાંધીનગર ખાતે મોકલવા જરૂરી અને આવશ્યક હોઈ, ઉપરોક્ત મુદ્દામાલ બંને મોબાઈલ તપાસણી માટે પરત સોંપવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

**૨.** સદર કામે હાલની અરજી અન્વયે આરોપી પક્ષને નોટિસ કાઢતાં આરોપી પક્ષે આંક–૧૬ થી વાંધા જવાબ રજૂ કરેલ છે. જેમાં તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે, તપાસનીશ અધિકારી તરફથી રજૂ કરવામાં આવેલ સદરહુ અરજીમાં મોબાઈલ ફોન પરત મળવા અંગે એફ.એસ.એલ.માં વધુ પુરાવા માટે મુદ્દામાલ મોકલવાની જરૂરિયાત હોવાનું જણાવેલ છે. પરંતુ સદરહુ મુદ્દામાલનું એફ.એસ.એલ. રાજકોટ દ્વારા કરવામાં આવેલ પૃથ્થકરણની સી.ડી. આધાર તરીકે તપાસનીશ અધિકારીએ નામદાર અદાલતમાં રજૂ કરેલ નહિં. તપાસનીશ અધિકારી દ્વારા

એફ.એસ.એલ. રાજકોટને માર્ક–G, H, I, J એમ કુલ–૪ પાર્સલ તપાસણી માટે મોકલવામાં આવેલ હતા તેનું પૃથ્થકરણ કરી એફ.એસ.એલ. રાજકોટ દ્વારા માર્ક–G, H, I, J, J-M, J-S મળી કુલ–૬ તપાસણી પરિણામની સી.ડી. એફ.એસ.એલ. સર્ટિફિકેટ સાથે મોકલી આપેલ છે. પરંતુ તપાસનીશ અધિકારીએ તેમાંથી ફક્ત G, H ની તપાસણીની સી.ડી. જ રજૂ કરેલ છે. આમ, અધૂરી હકીકત વાળી સી.ડી. રજૂ કરેલ છે અને તપાસનીશ અધિકારી અધૂરી સી.ડી. રજૂ કરવાના કોઈ કારણો પણ રજૂ કરેલ ન હોઈ, પૂરી હકીકતવાળી સી.ડી. રજૂ કરેલ નથી તે બાબત શંકાસ્પદ છે. આરોપી તરીકે તમામ પુરાવા અમોને પૂરા પાડવામાં આવે ત્યારબાદ તેનો અભ્યાસ કર્યા બાદ અમો ડિસ્ચાર્જ અથવા ક્વોશીંગ સહિતની કાર્યવહી કરી શકેએ તેમ છીએ. તે કાર્યવાહીથી વંચિત રાખવાના ઈરાદાથી તપાસનીશ અધિકારી દ્વારા પૂરા દસ્તાવેજો આપવામાં આવતા ના હોય તેવું સ્પષ્ટ થાય છે. વધુમાં તપાસનીશ અધિકારી તરફથી માંગવામાં આવેલ ઉપરોક્ત સેમસંગ મોબાઈલનું એફ.એસ.એલ. રાજકોટનું સર્ટિફિકેટ આવી ગયેલ છે. તેમાં સદરહુ મુદ્દામાલનો મોબાઈલ ફોનમાંથી વોટસએપ ચેટ રીટ્રાઈવ થઈ શકેલ નથી તેવું સ્પષ્ટ જણાવેલ છે. આ સર્ટિફિકેટમાં એવું જણાવેલ નથી કે વોટસએપ ચેટ રીટ્રાઈવ થઈ શકેલ નથી તે ગાંધીનગર એફ.એસ.એલ. ખાતેથી રીટ્રાઈવ થઈ શકે તેમ છે. તપાસનીશ અધિકારી તરફથી ઉપરોક્ત સેમસંગ મોબાઈલ રાજકોટ એફ.એસ.એલ. ખાતે તપાસ માટે મોકલવામાં આવેલ તે તપાસનીશ અધિકારીને પૃથ્થકરણ થઈ ગયા બાદ તા. ૦૯/૦૪/૨૦૨૧ ના રોજ પરત મળી ગયેલ છે. તેથી જો તેઓને આ મોબાઈલ ફોન ગાંધીનગર એફ.એસ.એલ.માં વધુ તપાસ માટે મોકલવાની જરૂરિયાત હોત તો તેઓ જે તે સમયે જ આ મોબાઈલ ગાંધીનગર એફ.એસ.એલ. ખાતે મોકલી શક્યા હોત. પરંતુ અરજદાર તરફથી સદરહુ મોબાઈલ પોતાને પરત આપવા માટે નામદાર અદાલતમાં અરજી કરવામાં આવી

ત્યારબાદ તપાસનીશ અધિકારીએ આ મોબાઈલ વધુ તપાસ માટે પોતાને આપવા માટે અરજી કરેલ છે. આમ, તપાસનીશ અધિકારી દ્વારા મોબાઈલ ફોન પરત આપવાની માંગણી વજૂદ વિનાની છે અને તેઓ ટ્રાયલની પ્રકિયા બિનજરૂરી રીતે લંબાય તેવા પ્રયાસો કરી રહ્યા હોઈ, મુદ્દામાલ મોબાઈલ ફોન નંગ–૨ તપાસનીશ અધિકારીને ન્યાયના હિતમાં નહિં સોંપવા હુકમ કરવા વિનંતી છે.

૩. બંને પક્ષનાં વિદ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા, તેમજ પ્રોસીક્યુશન તરફે અરજી તેમજ બચાવપક્ષનો વાંધા જવાબ વંચાણે લીધા.

૪. હાલની અરજી અન્વયે આરોપી પક્ષે વિદ્વાન વકીલશ્રી કે.પી. આશરે દલીલ કરતાં જણાવેલ છે કે, તા. ૧૫/૦૧/૨૦૨૦ ના રોજ આરોપી વિરુદ્ધ ચાર્જશીટ ફાઈલ થઈ ગયેલ છે. તા. ૦૯/૦૪/૨૦૧ ના રોજ એફ.એસ.એલ. રાજકોટ દ્વારા પરીક્ષણ થઈ ગયેલ છે. સદરહુ ગુનામાં આરોપી પાસેથી બે મોબાઈલ કબજે થયેલ જેમાં એક આરોપીની માલિકીનો તથા અન્ય મોબાઈલ તેમના કાકાના દીકરાનો હોઈ સદર મોબાઈલમાં આરોપીને ફરિયાદી સાથે વાતચીત થયેલ હોવાનો પ્રોસીક્યુશનનો કેસ નથી. સદર મોબાઈલ આરોપીની માલિકીનો નથી, અન્ય વ્યક્તિની માલિકીનો છે. તેમજ રાજકોટ એફએસએલ તરફથી વોટસએપ ચેટ રીટ્રાઈવ ન થઈ શકવાનું ચોક્કસ કારણ દર્શાવેલ નથી. વધુમાં દલીલમાં તેઓ જણાવે છે કે, તેઓના કાકાના દિગ્વીજયસિંહ અનિરુદ્ધસિંહ ઝાલાએ આ અદાલતમાં ફો.પ.અ.નં. ૮૫૪/૨૧ થી મુદ્દામાલ મોબાઈલ પરત મેળવવા અરજી કરેલ તેના સોગંદનામામાં આઈ.ઓ.એ. સદરહુ મોબાઈલ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે મોકલવાની જરૂરિયાત હોવાનું જણાવેલ અને ત્યારબાદ હાલની અરજી લાવેલ છે. ત.ક.અ. દ્વારા આરોપીને કેસ કાગળોની નકલો પૂરી પાડવામાં આવેલ નથી. ત.ક.અ.ની હાલની અરજી વજૂદ

વિનાની હોઈ, રદ કરવા અરજ કરેલ છે. મોબાઈલ ફોનમાંથી વોટસએપ ચેટ રીટ્રાઈવ કરવા કે એફ.એસ.એલ.માં મોકલવા આરોપીની મંજૂરી અગાઉથી લીધેલ નથી. જેથી આરોપીના બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન થાય તેમ હોઈ, હાલની અરજી રદ કરવા અરજ કરેલ છે.

**૫.** સદર કામનું રેકર્ડ વચાણે લેતા જામનગર એ.સી.બી. પો.સ્ટે. ગુ.ર.નં. ૪/૧૯ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ (સુધારો ૨૦૧૮) ની કલમ–૭(એ), ૧૨ તથા ૧૩(૨) મુજબના કામના આરોપી નં. ૧. ચંદ્રવિજયસિંહ ઉર્ફે બકાભાઈ હરદેવસિંહ ઝાલા, પો.હે.કો. વિરુદ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે. પરંતુ આરોપી નં. ૨. સંજય ભરતભાઈ ચુડાસમા વિરુદ્ધ તપાસ ચાલુ છે અને આરોપી નં.૧ ની વિરુદ્ધ પણ વધુ તપાસ ચાલુ હોવાનું જણાઈ આવે છે. વધુમાં તપાસનીશ અધિકારી દ્વારા રાજકોટ એફ.એસ.એલ. ને મોકલવામાં આવેલ અને તેનો અહેવાલ વંચાણે લેતાં તેમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, ''નમૂનો–I (મોબાઈલ ફોન)માંથી WhatsApp Chats રીટ્રાઈવ થઈ શકેલ નથી. પરંતુ રવાનગી નોંધમાં દર્શાવેલ મોબાઈલ નં. ૯૫૫૮૧૮૫૭૭૭ સદર મોબાઈલ ફોનમાં "Yash Daru" નામથી સેવ થયેલો જોવા મળેલ હતો. જયારે રવાનગી નોંધમાં દર્શાવેલ મોબાઈલ નંબર ૮૨૩૮૬૨૮૬૩૬ અને ૯૬૦૧૫૯૩૦૦૭ નમૂનો–I (મોબાઈલ ફોન)માં સેવ થયેલ જણાવેલ નથી.''

**૬.** આરોપી તરફે પોતાની દલીલમાં અમારા બંધારણીય અધિકારો Law of Privacyનું ઉલ્લંઘન થાય તેમ હોય તેથી હાલની અરજી રદ કરવા જણાવેલ છે. પરંતુ સદર કામના સાધનિક કાગળો વંચાણે લેતાં ''લાંચના છટકા દરમ્યાન આરોપી નં.૨ ના એ આરોપી નં.૧ વતી ફરિયાદી પાસે પંચ–૧ ની હાજરીમાં રૂા.૭,૦૦૦/– માંગણી કરી સ્વીકારી લાંચની રકમ મળી ગયા અંગે આરોપી નં.૧ સાથે મોબાઈલ ફોન ઉપર વાતચીત કરી બંને આરોપીઓ પકડાઈ ગયેલ.''

આમ, સદરહુ મોબાઈલ ફોનનો આરોપી દ્વારા ગુનામાં ઉપયોગ થયેલ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે અને ગુનામાં ઉપયોગમાં લેવાયેલ મુદ્દામાલ ત.ક.અ.શ્રી ને તપાસ માટે સોંપવાનું વાજબી અને ન્યાયોચિત જણાઈ આવતું હોઈ, તેમજ ગુજરાતમાં ગાંધીનગર ખાતેની એફ.એસ.એલ. મોટી આધુનિક ટેક્નોલોજી અને સંશાધનોથી સુસજ્જ હોઈ, તેવા સંજોગોમાં સત્યના શોધન માટે તથા તેનાથી આરોપીને કોઈ પ્રેજ્યુડાઈસ થાય તેમ હોઈ, તેવું જણાઈ આવતું નથી. આથી મુદ્દામાલ પાવતી નં. ૮/૧૯ ના આર્ટિકલ નં. ૯ અને મુદ્દામાલ પાવતી નં. ૯/૧૯ ના આર્ટિકલ નં. ૧૪ વાળા બંને મોબાઈલ ફોન ગાંધીનગર ડી.એફ.એસ.માં વોટસએપ ચેટ રીટ્રાઈવ માટે અને વિશેષ પુરાવા માટે મોકલવા જરૂરી અને આવશ્યક જણાતું હોઈ, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: <u>હુકમ</u> :–**

૧. જામનગર એ.સી.બી. પો.સ્ટે. ગુ.ર.નં.૪/૧૯, ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, સને ૧૯૮૮(સુધારો–૨૦૧૮) ની કલમ–૭(એ), ૧૨ તથા ૧૩(૨) જેનો સ્પે.(એ.સી.બી.) કેસ નં.૧/૨૦૨૦ મુજબના ગુનાના કામે મુદ્દામાલ તરીકે કબજે કરેલ મોબાઈલ ગેલેક્ષી નોટ–૧૦ તથા વીવો વી.૧૭, મુદ્દામાલ પાવતી નં. ૮/૧૯ ના આર્ટિકલ નં. ૯ અને મુદ્દામાલ પાવતી નં. ૯ /૧૯ ના આર્ટિકલ નં. ૧૪ વાળા મોબાઈલ ફોન નાઝરશ્રી ડિસ્ટ્રિકટ કોર્ટનું સીલ મારી ત.ક.અ.શ્રીને સોંપવા અને ત.ક.અ.શ્રીએ સદરહુ મુદ્દામાલ ડી.એફ.એસ. ગાંધીનગરને સીલબંધ હાલતમાં સોંપવા અને ડી.એફ.એસ. ગાંધીનગરથી સદરહુ મુદ્દામાલ પરત આવ્યે નાઝરશ્રી, ડિસ્ટ્રિકટ કોર્ટ, જામનગર ખાતે પરત જમા કરાવવો અને સદરહુ કાર્યવાહી સત્વરે પૂર્ણ કરી આ અદાલતને રીપોર્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમની નકલ સ્પે.(એ.સી.બી.) કેસ નં.૧/૨૦૨૦ ના કામે રાખવી.

હુકમ આજરોજ તારીખ: ૨૦મી નવેમ્બર, સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જામનગર.
તા.૨૦/૧૧/૨૦૨૧

**(સ્મિતાબેન દેવેન્દ્રકુમાર મહેતા)**
ત્રીજા એડિશનલ સેશન્સ જજ,
જામનગર. કોડ : જીજે ૦૧૫૪૧

*H H Bandhiya*